બે વર્ષ બાદ "જીફા એવોર્ડ-૨૦૨૧" વિતરણ સમારંભ યોજાયો

૨૧મું ટિફિન, ધન ધતૂડી પતૂડી, દીવા સ્વપ્ન જેવી ફિલ્મો ઝળકી : બેસ્ટ એક્ટર મલ્હાર ઠાકર અને બેસ્ટ એક્ટ્રેસ પ્રિનલ ઓબેરોય બન્યાં

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે કોરોનાના કપરા સમય બાદ બે વર્ષ બાદ જીફા એવોર્ડ એટલે કે ગુજરાતી ફિલ્મ ફેટનિટી એવોર્ડ-૨૦૨૧નું આયોજન કરાયું હતું. ખાસ ગુજરાતી ફિલ્મ જગતના જાણીતા ચહેરાંઓએ આ ખાસ રાતની રોશની વધારી હતી. ગાંધીનગરના ભાટ ખાતે નારાયણી હાઈટસ્માં આ એવોર્ડ ફંકશન યોજાયું જેમાં ગુજરાતી ફિલ્મોને વિવિધ કેટેગરીમાં એવોર્ડ અપાયા હતાં.

આ એવોર્ડ ફંકશનમાં ગુજરાતી ચલચિત્રોની જાણીતા ચહેરાઓ રોમા માણેક, નેહા મહેતા, મોના થીબા કનોડિયા, સિંગર ભૂમિ ત્રિવેદી સાથે ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, ધારાસભ્ય અને સુપર સ્ટાર હિતુ કનોડિયા, બીજેપી યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટ, ક્રિકેટર પાર્થિવ પટેલ બિહારી હેમુભાઈ ગઢવી, શ્રદ્ધા ઝા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા સાથે જ ગુજરાત ટુરિઝમ, રીયા ટાટા, પિક્સર ટેક્નોલોજી સહિત ઘણાં સ્પોન્સર્સ પણ જોડાયાં હતાં. સાથે જ ભાવિની જાની, શૌનક વ્યાસ, કલ્પેશ પટેલ લોક કલાકાર યોગેશ ગઢવી, બિહારી હેમુ ગઢવી, ક્રિકેટર પાર્થિવ પટેલ, ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની અને સામાજીક કાર્યકર રીવાબા જાડેજા, ડો. ઋત્વિજ પટેલ, પ્રશાંત કોરાટ, યજ્ઞેશ દવે, ડો.રણજીત વાક, ડો.પ્રદ્યુમન વજા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. વર્ષ ૨૦૨૧માં વિજયગીરી બાવાની ફિલ્મ ૨૧મું ટિફન, ધન ધતૂડી પતૂડી, દીવા સ્વપ્ન જેવી ફિલ્મો ઝળકી હતી.

બેસ્ટ એક્ટર તરીકે મલ્હાર ઠાકર ફિલ્મ 'ધુઆંધાર' માટે તો બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પ્રિનલ ઓબેરોયને ફિલ્મ 'કોઠી ૧૯૪૭' ફિલ્મ માટે મળ્યો હતો સાથે બેસ્ટ ફિલ્મ તરીકે 'ધુંઆધાર' સિલેક્ટ થઈ છે. બેસ્ટ નેગેટિવ રોલમાં 'દીવા સ્વપ્ન' માટે બિમલ ત્રિવેદી, બેસ્ટ સપોર્ટીંગ ફીમેલ એક્ટ્રેસ તરીકે '૨૧મું ટિફિન' માટે નૈત્રી ત્રિવેદી તો મેલ કેટેગરીમાં ફિલ્મ 'દીવા સ્વપ્ન' માટે ચેતન દૈયા અને ફિલ્મ 'ધૂંઆધાર' માટે હિતેન કુમારના ફાળે ગયો. બેસ્ટ ડિરેક્ટરનો તાજ રિહાન ચૌધરીને ફાળે ગયો, તો બેસ્ટ કોમિક રોલ માટે 'એકડ એક' ફિલ્મના સ્મિત પંડ્યા જ્યારે 'ધન ધતૂડી પતૂડી'ના હેમાંગ દવેને મળ્યો હતો. બેસ્ટ નેગેટિવ રોલમાં બિમલ ત્રિવેદીને ફિલ્મ 'દીવા સ્વપ્ન' માટે મળ્યો તો બેસ્ટ મ્યુઝિક માટે મેહુલ સુરતી, બેસ્ટ લિરિક્સ પાર્થ તારપરાને 'શણગાર અધૂરો' ગીત માટે મળ્યો. બેસ્ટ મેલ સિંગર તરીકેનો એવોર્ડ પાર્થ ઓઝા જ્યારે બેસ્ટ ફીમેલ સિંગરનો એવોર્ડ ફિલ્મ '૨૧મું ટિફિન'ના મહાલક્ષ્મી ઐયરના ફાળે ગયો હતો. આ સાથે એનિમેશન કેટેગરીમાં 'શ્રીમદ્ રાજચંદ્રાચાર્ય' ફિલ્મને પણ એવોર્ડથી સન્માનિત કરાઈ હતી અને સ્પેશિયલ કેટેગરીમાં જીફા ગોલ્ડન એવોર્ડ રોમા માણેકને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમના અમૂલ્ય યોગદાન બદલ અપાયો હતો. જીફા સ્પેશિયલ એવોર્ડ નેહા મહેતાને સાથે જ પત્રકાર ક્ષેત્રમાંથી ફિલ્મી પડદે પદાર્પણ કરનાર બંસી રાજપૂત અને દેવાંગ ભટ્ટને પણ અપાયા હતાં. આ સાથે જ કોરોનામાં ગુજરાતી ફિલ્મના જાણીતા યુવા મ્યુઝિક ડિરેક્ટરની ખોટ પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પડી છે ત્યારે સ્વ. આકાશ શાહને પણ ૨૦૨૧ જીફા દ્વારા સન્માનવામાં આવ્યાં હતા. કાર્યક્રમમાં ''ધન ધતુડી પતુડી''ના પર્ફોમન્સમાં ભાઈ ભાઈ ફેમ અરવિંગ વેગડા, સંજય સિંહ ચૌહાણએ અમદાવાદનો રિક્ષા વાળા ફ્યુઝન પર હટકે પર્ફોમ કર્યું હતું અને તારક મહેતા સિરિયલ ફેમ અંજલી એટલે કે નેહા મહેતાના પર્ફોમન્સને દર્શકોએ માણ્યું હતું.

બ્રજ ભાષાની 'રાગ દેશ' આધારિત મધુર બંદીશ નવા સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા યુવક-યુવતિઓએ નિજાનંદ માટે પ્રસ્તુત કરી હતી. કલાગુરુ ચંદ્રકાન્ત કોટેચાના માર્ગદર્શન અને પ્રેરણાથી ઉઘડતી સવારના પ્રાકૃતિક વાતાવરણમાં સ્વર્ણિમ પાર્કની લોનમાં એકત્ર થયેલા આ યુવક-યુવતિઓએ 'હોરી ખેલન કો... ચલે કન્હૈયા''ની બંદીશ પ્રસ્તુત કરી ત્યારે સ્વર્ણિમ પાર્કનું સુરમ્ય વાતાવરણ સુરમય બની ગયુ હતુ. સંગીત વાદ્યો અને શાસ્ત્રીય કંઠ્ય સંગીતની સુરાવલીઓથી પાર્કમાં સવારે આવતા મુલાકાતીઓએ કૃષ્ણમય વાતાવરણમાં હોળીના માહોલનો અનુભવ કર્યો હતો.

વિજય રૂપાણી પર જમીન કૌભાંડના આરોપો કરનાર કોંગ્રેસના ૩ નેતા સહિત ચારને કોર્ટનું તેડું

ગાંધીનગર, તા.૨૨

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે કથિત રૂપે થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપ મામલે કોંગ્રેસના નેતાઓ સામેની ફોજદારી અરજી ગાંધીનગર કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. માનહાનીના આ કેસમાં કોર્ટે વિપક્ષના નેતા સુખરામ રાઠવા સહિત કોંગ્રેસના ત્રણ નેતાઓ અને પર્સનલ આસિસ્ટન્ટ સહિત ચાર વ્યક્તિઓને કોર્ટમાં હાજર રહેવા ફરમાન કર્યું છે. કોર્ટે ચારેય નેતાઓને સમન્સ પાઠવતા, વિરોધપક્ષના નેતા સુખરામ રાઠવા, શૈલેષ પરમાર અને સી.જે ચાવડા સહિતના નેતાઓને કોર્ટનું તેડું આવ્યું છે. બીજી માર્ચે કોર્ટ સમક્ષ થયેલી અરજીમાં ચારેય સામે સીઆરપીસીની કલમ ૨૦૨ હેઠળ કાર્યવાહી હાથ ધરવા દાદ માગવામાં આવી હતી. ક્રિમિનલ ઈક્વાયરીને લગતા આ કેસમાં કોર્ટે ફરિયાદી વિજય રૂપાણીના વકીલની દલીલો, નિવેદનો અને પુરાવાને ધ્યાને રાખીને ચારેય પ્રતિવાદી સામે આઈપીસી કલમ ૫૦૦, ૧૧૫ અન્વયે કાર્યવાહી ચલાવવા અને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૨૦૪ હેઠળ ફોજદારી કેસ નોંધી સમન્સ કાઢવા નિર્દેશ આપ્યા હતા.

શહેરમાં ભીના-સૂકા કચરાનો ભેદ ભુલાઈ રહ્યો છે

સ્વચ્છ ગુજરાત અંતર્ગત શહેરને સ્વચ્છ રાખવા અર્થે ઘણા આયોજન થયા છે. ગાંધીનગર સ્વચ્છ શહેરનું સબળ ઉદાહરણ પુરૂ પાડે છે. આ સ્વચ્છ શહેરને વધુ સ્વચ્છ બનાવવા અને નાગરિકોની ચિંતા કરતા કચરો એકઠો કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સૂકો અને ભીનો કચરો અલગ-અલગ રહે તે નિશ્ચિત કરતા નાગરિકો પણ અલગ એકઠો કરે છે પરંતુ અનુક સેક્ટરોમાં આ કચરો એકત્રિત કરવા આવનાર બન્ને કચરાને ભેગો કરીને સંગ્રહિત કરી રહ્યા છે. જો આમને આમ ચાલ્યુ તો તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા સફળ પ્રયાસોને આગળ ધપાવી શકાશે નહિ. અને ભીના-સૂકા કચરાનો ભેદ ભુલાઈ જશે.

ટેકનોલોજીનો ઉપયોગ હાલ દરેક ક્ષેત્રે થઈ રહ્યો છે ત્યારે જો ભીનો અને સૂકો કચરો અલગ એકત્રિત કરીને રાખવામાં આવે તો તેનુ ખાતર બનાવી શકાય છે ઉપરાંત અનેક રીતે તેને રીસાયકલ કરી શકાય છે. જે અર્થે તંત્ર દ્વારા ભીનો-સૂકો કચરો અલગ ભેગો કરવા ગાંધીનગરના નાગરિકોને કહેવામાં આવ્યુ હતુ. સમગ્ર ગાંધીનગરના નાગરિકો આ બાબતનું હવે પાલન કરી રહ્યા છે. ત્યારે અમુક સેક્ટરોમાં કચરો એકત્રિત કરવા આવનાર દ્વારા બધોજ કચરો ભેગો કરી દેવામાં આવી રહ્યો છે. જેનો કોઈ અર્થ નથી. જો આમને આમ રહ્યુ તો એક દિવસ આ ભીનો અને સૂકો કચરો અલગ એકત્રિત કરી ડિસ્ટ્રોય કરવાના ખ્યાલને ભૂલી જવો પડશે. આવુ ન થાય તે અર્થે શહેરના જાગૃત નાગરિકો દ્વારા તંત્ર દ્વારા આ બાબતની જાણ લેવાય તેવી માંગ કરવામાં આવી છે.

કોરોનાના કપરાં કાળ બાદ ફરી એકવાર રાજ્યમાં પરિસ્થિતી સામાન્ય બનતી જાય છે અને શાળાઓ કોલેજો ખુલી ગયા બાદ હવે ખેલ મહાકુંભ જેવા આયોજનો પણ ચિંતામુક્ત વાતાવરણમાં યોજાઈ રહ્યાં છે. ખેલ મહાકુંભ અંતર્ગત અંડર-૧૭ કેટેગરીની વોલીબોલ સ્પર્ધા સેક્ટર-૨૩માં સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે યોજાઈ હતી જેમાં સેક્ટર-૨૧ની માઉન્ટ કાર્મેલ સ્કૂલના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

શહીદ દિવસ પર શહીદોને શત્ શત્ નમન

શહીદે આઝમ ભગતસિંહ, રાજગુરુ, સુખદેવને શ્રદ્ધાંજલિ

શહેરભરમાં શહીદ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યાં છે. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુના મૃત્યુની વર્ષગાંઠને શહીદ દિવસ જાહેર કરવામાં આવ્યો છે. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ૨૩ માર્ચે ૧૯૩૧ના રોજ અંગ્રેજ સરકાર દ્વારા નિર્દયતાપૂર્વક ફાંસી અપાઈ હતી. તેમણે દેશ માટે થઈને શહીદી વહોરી લીધી હતી. ત્યારથી આપણા દેશમાં આ દિવસને શહીદ દિવસ તરીકે ઉજવાય છે. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

૧૯૦૭ની ૨૮ સપ્ટેમ્બરે જન્મેલા ભગતસિંહ કિશોરવયથી જ ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા અને બ્રિટિશરોના દમન સામે તેમણે જે સાહસ બતાવ્યું હતુ તેને કારણે ભગતસિંહ હંમેશ માટે યુવાનોના આદર્શ બની ગયા. ૧૯૧૯ની ૧૩મી એપ્રિલે અમૃતસરના જલિયાવાલા બાગમાં એકત્ર થયેલા સ્વતંત્રતા સેનાનીઓ પર જનરલ ડાયરે અંધાધૂંધ ગોળીબાર કર્યો એ ઘટનાની ભગતસિંહ ઉપર ઘેરી અસર થઈ અને ત્યાર પછી તેમણે

અભ્યાસ પણ છોડી દીધો અને સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઈ ગયા. ૧૯૨૯ની ૮મી એપ્રિલે અંગ્રેજોની સેન્ટ્રલ એસેમ્બલીમાં બોંબ ફેંક્યા પછી ભાગી જવાને બદલે પકડાઈ ગયા ત્યારથી ૧૯૩૧ની ૨૩ માર્ચ સુધી તેઓ જેલમાં જ હતા. આપણા દેશને અંગ્રેજોની પક્કડમાંથી મુક્ત કરવામાં ઘણા સ્વતંત્રતા સેનાનીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી તેમ છતા તેમાના ત્રણ એવા વીર છે જેઓ ક્યારેય બ્રિટીશરો સામે ઘૂંટણીએ પડ્યા નથી. તેઓએ ભારતને આઝાદ કરવા દરેક શક્ય વસ્તુ અજમાવી જોઈ હતી. ૨૩ માર્ચે તેઓને બ્રિટીશ સરકારે ફાંસી આપી હતી. તેમની દેશભક્તિની ભાવના અને લડાકુ વલણને કારણે તે આજે પણ યુવાનો માટે પ્રેરણારૂપ સ્રોત માનવામાં આવે છે. શહીદ દિન નિમિત્તે શહેરીજનો શહીદોના બલિદાનને યાદ કરીને તેમને સલામ કરે છે અને તેમની પ્રતિમાઓ પર ફૂલ અર્પણ કરી શહીદોને યાદ કરે છે. વિવિધ શાળાઓ અને કોલેજોમાં ડિબેટ, ભાષણો, કવિતાઓ, પાઠો, નિબંધો જેવી સ્પર્ધાઓ યોજાય છે. આ દિવસની ઉજવણી કરીને આપણો આપણા શહીદોને શ્રદ્ધાંજલિ જ નહી પણ આજની પેઢી અને યુવા પેઢીને તે શહીદોના જીવન અને બલિદાનનો પરિચય આપીએ છીએ. આપણા આ શહીદોને સત સત નમન... જય હિંદ...

શહીદ દિવસ નિમિત્તે પણ ભાજપ-આપમાં રાજનીતિ

શહીદ દિવસ નિમિત્તે ભાજપ દ્વારા વિરાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક જિલ્લામાં કાર્યક્રમો યોજાશે. કર્ણાવતી ક્લબથી વિરાંજલી કાર્યક્રમની શરૂઆત થશે. ત્યારબાદ ૨૪ માર્ચે નિકોલ ખાતે, ૨ એપ્રિલે રાજકોટમાં, ૩ એપ્રિલે કચ્છમાં, ૯ એપ્રિલે વડોદરા, ૧૦ એપ્રિલે સુરત, ૧૪ એપ્રિલે જૂનાગઢ, ૧૬ એપ્રિલે બનાસકાંઠા, ૧૭ એપ્રિલે આણંદમાં તથા મહેસાણા સહિત ૧૦ જગ્યાએ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આમ આદમી પાર્ટી દ્વારા પંજાબમાં રજા રહેશે તેમ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને વિધાનસભામાં કહ્યું હતું. આ સાથે જ વિધાનસભામાં ડૉ. ભીમરાવ આંબેડકર અને ભગતસિંહની પ્રતિમાઓ સ્થાપિત કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. પ્રથમ વખત સમગ્ર પંજાબમાં શહીદ દિવસની રજા રહેશે.

એન્ટીવાયરલ નિરમાટ્રેલવીરના જનરિક વર્ઝન માટે કેડિલા ફાર્માને લાયસન્સ

નિરમાટ્રેલવીર કોવિડ-૧૯ની ફાઈઝરની ઓરલ એન્ટીવાયરલ દવા : લો ડોઝ રીટોનાવીરનું કોમ્બિનેશન જે દરદીને ગંભીર થવાના જોખમને રોકે છે

ગાંધીનગર,તા.૨૨

ફાર્મા ક્ષેત્રની અગ્રણી કંપની કેડિલા ફાર્માસ્યુટિલ્સને ફાઈઝરની ઓરલ એન્ટીવાયરલ કોવિડ-૧૯ની દવા નિરમાટ્રેલવીર માટે ઔષધથી માંડીને પેટન્ટ પૂલ (એમપીપી) સુધીનું લાયસન્સ મળ્યું છે. એમપીપી એ મધ્યમ અને ઓછી આવક ધરાવતા દેશોમાં જીવનરક્ષક દવાઓ ઉપલબ્ધ કરવા માટે કામ કરતું યુએન સ્થિત પબ્લિક હેલ્થ ઓર્ગેનાઈઝેશન છે.

કેડિલા ફાર્માસ્યુટિલ્સના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર ડો. રાજીવ મોદીએ જણાવ્યું હતું કે ''અમે વૈશ્વિક સમુદાય માટે નવતર પ્રકારની દવા ઉપલબ્ધ કરીને આરોગ્ય પર પડતો મહામારીનો બોજ અટકાવવા માટે યોગદાન આપવા તત્પર છીએ. અમે સમાજના છેવાડાના દર્દી સુધી પોસાય તેવા દરે દવાઓ ઉપલબ્ધ થાય તે માટેની અમારી કટિબધ્ધતા ધરાવીએ છીએ.'' કેડિલા ઘણાં વર્ષથી કોવિડ-૧૯નો ભારે બોજ ઘટાડવા અને અસરકારક થેરાપીની ઊણપ નિવારવા માટે કામ કરી રહી છે તથા ભારતીય અને ઘણાં દેશમાં નિકાસની કામગીરી બજાવી રહી છે. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનીસ્ટ્રેશન અમને પેક્સલોવીડના ઉપયોગ માટે માન્યતા આપનાર પ્રથમ નિયમનકારી એજન્સી છે. નિરમાટ્રેલવીર ટેબ્લેટસ અને રિટેનોવીર ટેબ્લેટનું કો-પેકેજ ઓછાથી મધ્યમ દરના રોગનું ભારે જોખમ ધરાવતા દર્દીઓ માટે ઉપયોગમાં લઈ શકાશે. કોવિડ-૧૯ માટે આ દવા ૪૦ કી.ગ્રા.થી ઓછું વજન ધરાવતા બાળકો તેમજ ૧૨ વર્ષથી વધુ ઉંમરના દર્દીઓને પણ આપી શકાશે. ફાઈઝરની પેક્સલોવીડમાં નિરમાટ્રેલવીરનો સમાવેશ કરાયો છે, જે જીછઈજી-ઝ્ફ-૨ પ્રોટીનને કારણે વાયરસ વધતો રોકે છે અને રિટેનોવીર લાંબો સમય શરીરમાં રહીને રોગને આગળ વધતો રોકે છે. પેક્સલોવીડમાં ૩ ટેબ્લેટ આપવામાં આવે છે, જેના નિરમાટ્રેલવીરની ૨ ટેબ્લેટ અને રિટેનોવીરની ૧ ટેબ્લેટનો સમાવેશ થાય છે.

આ બે દવાઓ પાંચ દિવસ સુધી દિવસમાં બે વખત લેવી પડે છે. ૩૦ ટેબ્લેટનો આ ડોઝ માત્ર પ્રિસ્ક્રિપ્શનથી મળે છે અને કોવિડ-૧૯ના લક્ષણો જણાય કે તુરત જ પાંચ દિવસમાં તેનો ઉપયોગ શરૂ કરી દેવો જોઈએ. ઈૈંઝ-ઝ્રૈંના બીજા અને ત્રીજા તબક્કાના ક્લિનિકલ ડેટાનું મૂલ્યાંકન કરીને ફૂડ એન્ડ ડ્રગ્ઝ એડમિનિસ્ટ્રેશને પેક્સલોવીડના ઉપયોગ માટે મંજૂરી આપી છે. હોસ્પિટલમાં દાખલ થયા ના હોય તેવા ૧૮ થી વધુ વયના દર્દીઓને કોવિડ-૧૯ના ખાત્રી થતાં રોગને ગંભીર રીતે આગળ વધતો રોકવા માટે આપવામાં આવે છે. ડેટાના આધારે જાણવા મળ્યું છે કે લક્ષણો દેખાયાના ત્રણ જ દિવસમાં પેક્સલોવીડના ઉપયોગથી હોસ્પિટલાઈઝેશન અને અન્ય કારણોથી મૃત્યુમાં ૮૯% ઘટાડો થાય છે.

વિશ્વ જળ દિવસ ઉજવાયો

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરાના બી.એ., એમ.એ., પી.એચ.ડી. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુંએ વિશ્વ જળ દિવસ નિમિત્તે યુવા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને મનનીય પ્રવચન આપતાં કહ્યું કે જળ એ જીવન છે. વિશ્વમાં ત્રણ ભાગ પાણી અને એક ભાગ જમીન છે. ત્રણ ભાગ પાણીમાં મોટાભાગનું પાણી ખારૂ છે. જે પીવાના અને સિંચાઈના કામે આવતું નથી. ૦.૧ ટકા મીઠું પાણી પીવા માટે અને ખેત ઉત્પાદન, ઔદ્યોગિક ઉત્પાદનમાં અને માનવજીવન વપરાશમાં વપરાય છે, જેનો ઉપયોગ કરકસર પૂર્વક કરવો આજના સમયની માંગ છે. એક બે દશકા પછી કુટુંબ-કુટુંબ વચ્ચે, રાજ્ય-રાજ્ય વચ્ચે, દેશ-દેશ વચ્ચે યુદ્ધો ખેલાશે તે મીઠા પાણીની ખેંચતાણ માટે. માટે યુવાનો ખેતીમાં ટપક પદ્ધતિ સિંચાઈ અને પાણીના નળથી સતત વેડફાતુ પાણી બચાવો, ભૂગર્ભ જળ ટાંકા, ખંભાતી કૂવા બનાવી પાણીનો સંગ્રહ કરવાના કામે લાગવું આ વિચારોનો ફેલાવો કરવો પુરતું નહી પણ અમલીકરણ કરાવવાના કામે લાગવું એ આજના સમયની માંગ છે. સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ અને ડૉ. દિવ્યેશ ભટ્ટની આભારવિધિ બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

મને ગાંધીનગર ગમે છે...

● પાંચમાં પાનું ચાલુ

વાહનવ્યવહાર એસ.ટી. બસ, યોગી બસ સર્વીસ અને અદ્યતન રેલવે સ્ટેશન દેશભરમાં વસાહતી હરવા-ફરવા જવા માટે સરળતા મળી રહે છે. છેલ્લે ગાંધીનગમાં વસતા લોકો શિક્ષિત વધુ છે તથા સરકારી સેવા સાથે સંકળાયેલા હોઈ શાંતિ, એકતા, સહકાર, ભ્રાતૃભાવ, આત્મીયતા, પ્રેમભાવના જેવા અનેક ગુણોથી પૂર્ણ હોઈ ગુનાહીત પ્રવૃત્તિ, લૂંટફાટ, છેડછાડ કે મશ્કરી ઝગડા ગાંધીનગરમાં નામશેષ હોઈ સૌને શાંતિપૂર્ણ આનંદમય જીવન જીવવા ગાંધીનગર સર્વશ્રેષ્ઠ છે અને રહેશે જ.

ભાવ ઉંચકાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે ક્રેડાઈ ગુજરાતની બોર્ડ મીટીંગ પાલનપુર ખાતે યોજાઈ હતી. રાજયના ૪૦ શહેરોમાં બાંધકામ વ્યવસાય સાથે સંલગ્ન હિતો માટે ક્રેડાઈ કાર્યરત છે. આ મીટીંગમાં ચર્ચાના મુખ્ય મુદ્દા તરીકે બાંધકામ વ્યવસાયમાં ઉપયોગી રો મટીરિયલ્સ જેવા કે સિમેન્ટ, સ્ટીલ, યુપીવીસી પ્રોડક્ટ, ગ્લાસ વગેરે જેવા તમામ રો મટેરિયલમાં થયેલા ભાવ વધારાને પગલે કોમર્શિયલ રેસિડેન્શિયલ સહિત દરેક પ્રકારના બાંધકામની પડતરમાં વધારો થયો છે જેના પગલે વ્યવસાયકારોને નાછુટકે ભાવ વધારવાની ફરજ પડી રહી છે. આ પરિસ્થિતિમાં મીટીંગમાં ચર્ચાના અંતે ક્રેડાઈ ગુજરાત દ્વારા દરેક પ્રકારના બાંધકામમાં પ્રતિ ચોરસ ફૂટે રૂ.૪૦૦થી રૂ.૫૦૦નો વધારો લાગુ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. હાલ રેરામાં રજિસ્ટર્ડ ચાલુ પ્રોજેક્ટ્સ કે જેમાં બુકીંગ થયેલ છે તેવા પ્રોજેક્ટ્સમાં રો મટિરિયલ્સના ભાવ વધારાથી ગંભીર અસર પડી રહેલ છે તેવી પરિસ્થિતિમાં ભાવવધારાનું એક્સેલરેશન કરી આપવા બેઠકમાં રજુઆત કરવાની માંગણી વ્યક્ત કરાઈ હતી. ક્રેડાઈ ગુજરાતની બેઠકમાં લેવાયેલા નિર્ણયને અનુલક્ષીને ગાંધીનગરના બિલ્ડર્સ દ્વારા પણ બાંધકામની કિંમતોમા વધારો કરાશે તેવી આશંકા સેવાઈ રહી છે.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૫૨, દહેગામમાં ૭૯ પ્રાથમિક શિક્ષકોની અને માણસામાં બે માધ્યમિક શિક્ષકોની ઘટ છે.

● **શિક્ષક-આચાર્યની ખાલી જગ્યા**

કોંગીના હિંમતસિંહ પટેલે જિલ્લામાં આચાર્યો અને શિક્ષકોની ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે સરકારી પ્રા. શાળામાં ૨૦૦, માધ્યમિક શિક્ષકની બે અને આચાર્યની બે જગ્યાઓ ખાલી છે.

ગ્રાન્ટેડ પ્રા. શાળામાં ૩૫ શિક્ષકોની ઘટ છે. જ્યારે ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળામાં માધ્યમિક શિક્ષકોની ૪૪, ઉચ્ચત્તર મા. શિ. ની ૯૧ અને ૭૮ આચાર્યની જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ જેમ બને તેમ ઝડપથી ભરવામાં આવશે.

● **અને છેલ્લે...**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં કેટલી આંગણવાડીને પોતાના મકાન નથી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે કલોલમાં ૫૭, માણસામાં ૧૦, ગાંધીનગરમાં ૨૧, દહેગામમાં ૫૫ મળી ૧૪૩ આંગણવાડીને પોતાના મકાન નથી.

જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આંગણવાડી કેન્દ્રોના મકાન બનાવવામાં આવશે.

જોગવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોડાઉનો ખાતેથી વાજબી ભાવની દુકાનો દ્વારા મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો મારફતે સંબધિત શાળાઓમાં પહોંચાડવામાં આવી રહેલ છે. સમગ્ર રાજયમાં મધ્યાહન ભોજન યોજના માટે સમયસર જથ્થો પહોંચી જાય તે માટે નાગરિક પુરવઠા નિગમ દ્વારા કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના કચેરીના પરામર્શમાં સતત મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે.

(૩) સરકારી ગોડાઉનોમાં પાંચ વર્ષમાં ૮.૭૨ લાખ કિલો અનાજ સડી જવા બાબત :

સદરહુ અહેવાલમાં અનાજ સડી ગયા બાબતે પ્રસિધ્ધ થયેલ વિગતો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. હેઠળના ગોડાઉનોને લગતી નથી. પરંતુ ભારત સરકારના ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (F.C.I.) હસ્તકના ગોડાઉનો ખાતેના ઘઉં તથા ચોખાના જથ્થામાં થયેલ બગાડ સંદર્ભની છે.

(૪) ૨૧% લોકોને ભુખ્યા સુવું પડે છે તે બાબત :

રાજય સરકાર દ્વારા એનએફએસએ હેઠળ સમાવિષ્ટ ૭૦ લાખ કુટુંબોની ૩.૪૭ કરોડ જનસંખ્યા માટે ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ, મીઠું જેવી આવશ્યક ચીજવસ્તુઓનો જરૂરીયાત મુજબનો ૧૦૦% પુરવઠો રાજયની ૧૭૦૦૦ જેટલી વાજબી ભાવની દુકાનો સુધી દર માસે નિયમિત રીતે પહોંચાડવામાં આવે છે. આ જથ્થા પૈકી લાભાર્થી દ્વારા પોતાની અનુકુળતા મુજબ જથ્થો રાહત દરે મેળવવામાં આવે છે. રાજયમાં સરેરાશ વિતરણ ૯૫% જેટલું હોય છે.

તદઉપરાંત રાજય સરકારની ''અન્નબ્રહ્મ'' યોજના હેઠળ રેશન કાર્ડ વગરનાં, ઘરબાર વિહોણાં, નિરાધાર લોકોને ૧૦ કી.ગ્રા. ઘઉં તથા ૫ કી.ગ્રા. ચોખાનો જથ્થો ૬ માસ માટે વિનામુલ્યે આપવામાં આવે છે. આથી અહેવાલમાં જણાવેલ ૨૧% લોકોને ભૂખ્યા સુવું પડે છે તે બાબતમાં કોઈ તથ્ય નથી.

બુસ્ટર ડોઝ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશોમાં નવા કેસોના સતત વધતા ભારણ વચ્ચે, ભારતના નિષ્ણાતો માને છે કે ભારતમાં વ્યાપક રસીકરણ કવરેજ અને ચેપ પછી ઉદ્ભવેલી રોગપ્રતિકારક્તાને જોતાં ભાવિ લહેર ગંભીર અસર કરશે તેવી શક્યતા ઓછી છે. સૂત્રોએ જણાવ્યું કે, 'વિશ્વના ઘણા ભાગોમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો અને આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં આવી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સરકાર ૧૮ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને એન્ટી-કોવિડ રસીના બૂસ્ટર ડોઝની મંજૂરી આપવા માટે પણ વિચાર કરી રહી છે. 'દેશમાં ગત ૧૬ માર્ચથી ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. અગાઉ, ભારતમાં રસીકરણ અભિયાનનો પ્રથમ તબક્કો ૧૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ શરૂ થયો હતો.

પદ ગુમાવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજયસભા બેઠકો માટે ચૂંટણી થવાની છે. અને કોંગ્રેસ પાસે હાલમાં ૩૪ સાંસદ છે. રાજયસભામાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા ઘટીને ૨૫ની નીચે આવી જશે તો વિપક્ષનું પદ પણ ગુમાવી દેશે.

હિંસામાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. રાજકીય હત્યાને કારણે ટીએમસીમાં સમર્થકોએ આ હુમલાના શંકાસ્પદોનાં ઘરોને આગને હવાલે કરી દીધા હતા.

ટીએમસીના પ્રવકતા કુણાલ ઘોષે કહ્યું છે કે, રામપુરહાટમાં આગથી મોતોને રાજકારણથી કોઈ લેવાદેવા નથી. આ સ્થાનિક ગ્રામીણ સંઘર્ષ છે. એક દિવસ પહેલા ટીએમસી નેતાની હત્યા કરાઈ. તે ઘણા ચર્ચા હતા. તેમના મોતને લઈને લોકો ગુસ્સામાં હતા. રાતમાં આગ લાગી.

ભાવવધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે બિહારના પટણામાં એક ઘરેલુ એલપીજી સિલિન્ડર હવે તમને ૧૦૩૯.૫૦ રૂપિયામાં મળશે. જે પહેલા ૯૯૮ રૂપિયાનો હતો. અમદાવાદમાં પણ આજથી એલપીજીની સિલિન્ડરની કિંમત વધી છે. ગેસની કિંમતમાં આજે ૫૦ રૂપિયાનો વધારો થયો છે. અમદાવાદમાં જૂની કિંમત ૯૦૬.૫૦ રૂપિયા હતી. નવો ભાવ ૯૫૬.૫૦ રૂપિયા થયો છે. રસોઈ ગેસ સિલિન્ડરની સબસિડી મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. જોકે, રસોઈ ગેસની વધી રહેલી કિંમત અંગે સરકાર તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી.